# પરિશિષ્ટ

## ભારતીય ભાષાઓની સુવિધા

ઉબુન્ટુ ગુજરાતી અને હિન્દી સહિત અન્ય અનેક ભારતીય ભાષાઓની સુવિધા ધરાવે છે. જોકે, ઉબુન્ટુના પ્રસ્થાપન માટેની CDમાં માત્ર અંગ્રેજી ભાષાનું સમર્થન આપવામાં આવેલું હોય છે. ગુજરાતી ભાષાનું સમર્થન ઉમેરવા માટે નીચેનાં પગલાંનું અનુસરણ જરૂરી છે. (આ પૂર્વે ઇન્ટરનેટ સાથેનું જોડાણ આવશ્યક છે.)

System → Administration → Language Support મેનૂવિકલ્પ પસંદ કરો.

"Install Languages" પસંદ કરો. હવે, ભાષાઓની યાદીમાંથી Gujarati અને "Input methods" તથા "Extra Fonts" ચેકબૉક્સ પસંદ કરો.

"Apply Changes" પર ક્લિક કરો.

"Successfully applied all the changes..." સંદેશ દર્શાવવામાં આવે તે પછી કી-બોર્ડની ઇનપુટ પદ્ધતિ માટે "ibus" પસંદ કરો.

વિન્ડો બંધ કરો.

System → Preferences → iBus Preferences મેનૂવિકલ્પ પસંદ કરો.

આથી "iBus daemon not started. Start it now?"નો સંદેશ ધરાવતું ડાયલોગબૉક્સ જોવા મળશે. તેમાં "Yes" પસંદ કરો.

ટોપ પેનલના નોટિફિકેશન એરિયામાં iBus માટેનો વધારાનો આઇકન જોવા મળશે.

iBus preferences બદલવા માટેનો ડાયલોગબૉક્સ ખૂલશે. (iBusના આઇકન પર ક્લિક આપી "Preferences" પસંદ કરવાથી પણ આ ડાયલોગબૉક્સ ખોલી શકાશે.).

Input method વિભાગ (tab)માં જઈ, યાદીમાંથી Gujarati → itrans (m17n) પસંદ કરી "Add" પર ક્લિક કરો.

હવે, કોઈ પણ પ્રોગ્રામમાં ગુજરાતી ભાષા વડે ટાઇપ કરી શકાશે. આ જ રીતે હિન્દી ભાષાનું સમર્થન પણ ઉમેરી શકાય.

કોઈ પણ પ્રોગ્રામમાં ટાઇપ કરતી વખતે ભાષા બદલવા માટે iBus આઇકન પર ક્લિક કરી અપેક્ષિત ભાષા પસંદ કરી શકાશે. (આ પ્રક્રિયા માટે કી-બોર્ડ શૉર્ટકટ પણ ઉપલબ્ધ છે). અહીં, એકાધિક ભાષાઓનું મિશ્રણ પણ કરી શકો છો.

itrans m17n ઇનપુટ પદ્ધતિ વડે નવા ઉપયોગકર્તાઓ માટે પણ ગુજરાતીમાં ટાઇપ કરવું સરળ બને છે. કારણકે, તે 'ફોનેટિક' છે. એટલે કે, ગુજરાતી અને રોમન (અંગ્રેજી) સ્ક્રિપ્ટ માટે કી-બોર્ડ પર દબાવવામાં આવતા કી સ્ટ્રૉક મહદ્અંશે સમાન હોય છે. સામાન્ય રીતે, સરળ ગુજરાતી અક્ષર ટાઇપ કરવા માટે નીચે આપેલ ઉદાહરણમાં દર્શાવ્યા મુજબ વ્યંજન ટાઇપ કરી તેની પછી સ્વર ઉમેરવાનો રહે છે.

**k** → ક્　　**ka** → ક　　**kaa** or **kA** → કા　　**ki** → કિ

**kee** or **kI** → કી　　**ku** → કુ　　**kuu** or **kU** → કૂ　　**ke** → કે

**kai** → કૈ　　**ko** → કો　　**kau** → કૌ　　**kM** → કં

**kH** → કઃ

કોષ્ટક A.1 સંપૂર્ણ કી-મૅપ દર્શાવે છે :

| Keyboard Sequence | Character | Keyboard Sequence | Character | Keyboard Sequence | Character | Keyboard Sequence | Character |
|---|---|---|---|---|---|---|---|
| k | ક્ | p | પ્ | a | અ | .h | ્ |
| kh | ખ્ | ph | ફ્ | aa | આ | AUM | ૐ |
| g | ગ્ | b | બ્ | A | આ | OM | ૐ |
| gh | ઘ્ | bh | ભ્ | i | ઇ | 0 | ૦ |
| ~N | ઙ્ | m | મ્ | ii | ઈ | 1 | ૧ |
| N^ | ઙ્ | y | ય્ | I | ઈ | 2 | ૨ |
| ch | ચ્ | r | ર્ | u | ઉ | 3 | ૩ |
| Ch | છ્ | l | લ્ | uu | ઊ | 4 | ૪ |
| chh | છ્ | ld | ળ્ | U | ઊ | 5 | ૫ |
| j | જ્ | L | ળ્ | RRi | ઋ | 6 | ૬ |
| jh | ઝ્ | v | વ્ | R^i | ઋ | 7 | ૭ |
| ~n | ઞ્ | w | વ્ | .c | ઍ | 8 | ૮ |
| JN | ઞ્ | sh | શ્ | e.c | ઍ | 9 | ૯ |
| T | ટ્ | Sh | ષ્ | e | એ | # | ્ર |
| Th | ઠ્ | shh | ષ્ | ai | ઐ | $ | ર્ |
| D | ડ્ | s | સ્ | o.c | ઑ | ^ | ત્ર |
| Dh | ઢ્ | h | હ્ | o | ઓ | * | શ્ર |
| N | ણ્ | j~n | જ્ઞ્ | au | ઔ | | |
| t | ત્ | GY | જ્ઞ્ | RRI | ઋ | | |
| th | થ્ | dny | જ્ઞ્ | R^I | ઋ | | |
| d | દ્ | x | ક્ષ્ | .N | ઁ | | |
| dh | ધ્ | | | .n | ં | | |
| n | ન્ | | | M | ં | | |
| | | | | H | ઃ | | |
| | | | | .a | ઃ | | |

**કોષ્ટક A.1 : itrans (m17n) કી-બોર્ડ માટેનો કી-મૅપ**

◆ ◆ ◆